| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૬/૦૭/૨૦૨૨ | | |
| દાખલ તારીખ | ૨૬/૦૭/૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | |

<u>રાણપુરના મહે.ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ), તાલુકો–રાણપુર, જીલ્લો–બોટાદના ન્યાયાલયમાં</u>

<u>શ્રી એચ. એચ. પટેલ–ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ)</u>

**ફોજદારી કેસ નં.૮૯૪/૨૦૨૨**

**આંક:–**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી:–(૧) હર્ષદભાઈ હીરાભાઈ સાકળીયા, ઉ.વ.૩૯,**

**(૨) વિનોદભાઈ કાળુભાઈ સાકળીયા, ઉ.વ.૩૨,**

**(૩) પ્રવિણભાઈ કાળુભાઈ સાકળીયા, ઉ.વ.૩૪,**

તમામ રહે.ખોખરનેશ, તા.રાણપુર, જી.બોટાદ.

**<u>ગુન્હો:–ઈ.પી.કો.કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ</u>**

**ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ. એસ. રાઠોડ**

**આરોપી તરફે વિ.વ.શ્રી એન. જી. વસોયા**

## // <u>ચુકાદો</u> //

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આરોપીઓએ ગઈ તા.૨૩/૦૪/૨૦૨૦ ના રોજ કલાક ૧૭/૦૦ વાગ્યે મોજે ખોખરનેશ ગામમાં આ કામના ફરીયાદી અને હસમુખભાઈ રંગપરાને સરકાર દવારા મફત પ્લોટ મળેલ હોય તેમના ખુલ્લા પ્લોટમા કાળુભાઈએ હસમુખભાઈને પુછયા વગર સાઠીઓ મુકેલ હોય અને હસમુખભાઈએ કાળુભાઈને સાઠીઓ લઈ લેવાનુ જણાવેલ તેમ છતા લીધેલ ન હોય અને બોલાચાલી કરતા હોય જેથી ફરીયાદી સમાધાન કરાવતા જતા ફરીયાદીને આરોપી નં.૨ નાએ ગાળો બોલી લાકડાનો ધોકો તથા આરોપી નં.૧,૩ નાએ ધોકો, પાવડાનો હાથો લઈ તથા કોલમ નં.૨ માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકીશોર હાર્દીકભાળ ભીમજીભાઈ સાકળીયાનો લાકડી લઈ આવી મારવા દોડેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી અધિક જીલ્લા મેજી.સાહેબશ્રી બોટાદના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી ઈ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ રાણપુર પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર. નં.II-213/2020 થી જાહેર કરેલ છે. જે ગુન્હો પોલીસે નોંધી તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

૨) આ કામે આરોપીઓને સમન્સની ધોરણસરની બજવણી થતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને કી.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ વીના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને આંક :–૪ થી તહોમતનામું ઘડી આરોપીઓની પ્લી આંક:–૫ થી ૭ લગત રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીઓએ પોતાની પ્લી દરમ્યાન ગુન્હો કબુલ ન હોય કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ છે. આ કામે બચાવ પક્ષે વિ.વ.શ્રી હાજર થયા છે.

૩) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

## –: મૌખિક પુરાવો :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મનસુખભાઈ લાલજીભાઈ રંગપરાની જુબાની | ૧૫ |
| ૨ | પંચ મનસુખભાઈ થોભણભાઈ ચૌહાણની જુબાની | ૧૮ |
| ૩ | પંચ ક્રિષ્ણકુમાર દીલીપભાઈ જોષીની જુબાની | ૨૨ |
| ૪ | પંચ વલ્લભભાઈ વજાભાઈ તલસાણીયાની જુબાની | ૨૦ |
| ૫ | સાહેદ હસમુખભાઈ ભાણજીભાઈ રંગપરાની જુબાની | ૨૯ |
| ૬ | સાહેદ ભાણજીભાઈ નાનુભાઈ રંગપરાની જુબાની | ૨૭ |
| ૭ | ત.ક.અ. એમ.આર.કમેજળીયાની જુબાની | ૩૦ |

## –: દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૬ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૮ |
| ૩ | અટક પંચનામુ | ૨૧ |
| ૪ | જાહેરનામુ | ૩૧ |

૪) આ કામે ઉપરોકત વિગતે ફરીયાદપક્ષ ધ્વારા પોતાના કેસના સમર્થનમા સાક્ષીઓને તપાસવામાં આવેલા છે. ત્યારબાદ આ કામે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોવાથી આરોપીનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

૫) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૪ મુજબ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એસ.રાઠોડ ની તથા બચાવપક્ષે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૬) આ કેસના નિકાલ સારુ મારા મતે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## –:: મુદ્દા ::–

૧ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૨૩/૦૪/૨૦૨૦ ના રોજ કલાક ૧૭/૦૦ વાગ્યે મોજે ખોખરનેશ ગામમાં આ કામના ફરીયાદી અને હસમુખભાઈ રંગપરાને સરકાર દવારા મફત પ્લોટ મળેલ હોય તેમના ખુલ્લા પ્લોટમા કાળુભાઈએ હસમુખભાઈને પુછયા વગર સાઠીઓ મુકેલ હોય અને હસમુખભાઈએ કાળુભાઈને સાઠીઓ લઈ લેવાનુ જણાવેલ તેમ છતા લીધેલ ન હોય અને બોલાચાલી કરતા હોય જેથી ફરીયાદી સમાધાન કરાવતા જતા ફરીયાદીને આરોપી નં.ર નાએ ગાળો બોલી લાકડાનો ધોકો તથા આરોપી નં .૧,૩ નાએ ધોકો, પાવડાનો હાથો લઈ તથા કોલમ નં.ર માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકીશોર હાર્દિકભાળ ભીમજીભાઈ સાકળીયાનો લાકડી લઈ આવી મારવા દોડેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી અધિક જીલ્લા મેજી.સાહેબશ્રી બોટાદના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી ઈ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨ શું હુકમ ?

૭) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ અનુસાર

૮) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

## **–: નિર્ણય માટેના કારણો :–**

**મુદ્દા નં.૧ અને ૨.**

૯) આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબની અગત્યની હકીકતો નિશાંકપણે શંકાથી પર પુરવાર કરવાની રહે છે. જેથી ઈ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ ને વિસ્તુતમાં ચર્ચા કરી કલમો જોય અલગ અલગ મુદા પ્રમાણે જોવુ જરૂરી જણાય આવે છે.

**૯.૧) ઈ.પી.કો.કલમ–૫૦૪ : સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદા પુર્વક અપમાન કરવા બાબત : આ કલમ હેઠળ કોઈ પણને દોષી ઠરાવવો હોય તો નીચે મુજબના બે તત્વોને પુરવાર કરવા પડે.**

૧. કોઈ વ્યકિતને ઈરાદાપુર્વક અપમાનવી અને તેથી તેને ઉશ્કેરાટ પેદા કરવો

૨. અપમાન કરનારે એવો ઈરાદો કર્યો હોવો જોઈએ અથવા તે એમ જાણતો હોય કે આવી ઉશ્કેરણી તેને જાહેર શાંતિનો ભંગ કરવાને પ્રેરશે અથવા અન્ય કોઈ અપરાધ કરવાને પ્રેરશે એવી શકયતા છે.

**૯.૨) ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) : ગુનાહીત ધમકી માટેની શિક્ષા: આ કલમ હેઠળ કોઈ પણને દોષી ઠરાવવો હોય તો નીચે મુજબના બે તત્વોને પુરવાર કરવા પડે.**

૧. જે કોઈ વ્યકિત કોઈને ગુનાહીત ધમકી આપે

૨. અને તે ધમકી મુત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગળથી કોઈ મીલકતનો નાશ કરવાની અથવા મોતની અથવા જન્મટીપની અથવા સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય.

૧૦) આ કામે ફરીયાદપક્ષનો એવો કેસ છે કે આ કામના આરોપીઓએ મોજે ખોખરનેશ ગામમાં આ કામના ફરીયાદી અને હસમુખભાઈ રંગપરાને સરકાર દવારા મફત પ્લોટ મળેલ હોય તેમના ખુલ્લા પ્લોટમા કાળુભાઈએ હસમુખભાઈને પુછયા વગર સાઠીઓ મુકેલ હોય અને હસમુખભાઈએ કાળુભાઈને સાઠીઓ લઈ લેવાનુ જણાવેલ તેમ છતા લીધેલ ન હોય અને બોલાચાલી કરતા હોય જેથી ફરીયાદી સમાધાન કરાવતા જતા ફરીયાદીને આરોપી નં.૨ નાએ ગાળો બોલી લાકડાનો ધોકો તથા આરોપી નં.૧,૩ નાએ ધોકો, પાવડાનો હાથો લઈ તથા કોલમ નં.૨ માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકીશોર હાર્દિકભાળ ભીમજીભાઈ સાકળીયાનો લાકડી લઈ આવી મારવા દોડેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરેલ. હવે આ હકીકતને પુરવાર કરવા હોય તો ફરીયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા થકી પુરવાર કરવુ પડે.

આ કામે ફરીયાદી મનસુખભાઈને આંક–૧૫ થી તથા હસમુખભાઈને આંક–૨૯ થી તથા ભાણજીભાઈને આંક–૨૭ થી તથા તપાસ કરનાર અમલદાર પોલીસ એમ. આર. કમેજળીયાને આંક–૩૦ થી સોગંદ પર તપાસેલ છે જેઓની તમામ જુબાનીઓ જોતા એમ ફલિત થાય છે કે તેઓ તમામની જુબાની જોતા જણાય આવે છે કે તેઓ જણાવે છે કે તેઓને ગાળો આપેલ પરતુ તમામની જુબાની જોતા એક પણ સાહેદની જુબાનીમા ગાળા ગાળીના સ્પષ્ટ શબ્દોનુ ઉચ્ચારણ કરેલ નથી તેમજ તેઓને ધમકી આપેલ હોય તેવુ જણાવે છે પરતુ તે ધમકીના કારણે તેઓ સતત ભયભીત હોય તેવુ જણાય આવતુ નથી અને તે ધમકીના કારણે તેઓને ગુનાહીત પ્રવૃતી કરવાનુ ઉશ્કેરાટ પેદા થયેલ હોય તેવુ તેઓની જુબાની પરથી ફલિત થતુ નથી તેમજ આ કામના આરોપીઓએ આપેલ ગાળો કોઈ ચોકકસ શબ્દો જણાવેલ નથી જેના કારણે ફરીયાદપક્ષને કોઈ ગુનાહીત ઉશ્કેરાટ મળેલ હોય. તેમજ આ કામના ભોગ

બનનારાઓ પોતાનુ રોજીદુ કામ કરતા હોય છે તેમજ ફરીયાદપક્ષના તમામ સાહેદોની જુબાની જોતા ફલિત થાય છે કે તેઓ અગત્યના નજરે જોનાર ભોગ બનનાર સાહેદો છે જે તેઓની સરતપાસમાં એક વાર પણ એમ જણાવતા નથી કે આ કામના આરોપીઓએ અમોને બીભત્સ કે ભુંડાબોલી ગાળો આપેલ હોય જેથી તેને ખરેખર અપમાન થયેલુ હોય. વધુમા આ કામનુ બનાવ સ્થળ આરોપીઓની વાડો એ જાહેર વિસ્તાર છે જયા આજુબાજુ વાડાઓ આવેલી છે જેથી સ્વંતંત્ર સાહેદો તપાસવામા આવેલ છે જેઓની જુબાની જોતા એમ ફલિત થાય છે કે તેઓએ પોતાની જુબાનીમા કોઈ પણ ગાળોના ચોકકસ શબ્દોનુ ઉચ્ચારણ કરેલ નથી તેમજ આ કામના તમામ પંચો ફરી ગયેલા જાહેર થયેલા હોય કોઈ ફળદાયી હકીકત ઉપજેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ એમ પણ જણાવતા નથી કે આ કામના આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલી જેના કારણે તેઓ સતત ભયના ઓથાર હેઠળ પોતાનુ જીવન નિર્વાહ વ્યતિત કરેલ હોય.

**પુખરાજ (૧૯૫૩) ૩ રાજ. ૯૮૩ ના ચુકાદામા રાજસ્થાન હાઈ કોર્ટે** <u>સ્પષ્ટપણે જણાવેલ કે ગાલી પ્રદાન કરતી અને અપમાનજનક ભાષાને માટે આ કલમ શિક્ષા કરે છે. ગાળોવાળી ભાષા જેથી શાંતિ ભંગ થાય તે કોઈ અપરાધ નથી. અપમાન ઈરાદા પુર્વક હોવો જોઈએ. અપમાન શબ્દોથી અથવા વર્તનથી પણ થઈ શકે છે. જો તે અપમાન શબ્દોથી હોય તો તે શબ્દો અસભ્ય ગાલી પ્રદાનથી કંઈક વધુ એવા પ્રકારના હોવા જોઈએ</u>. આ કામે ફરીયાદપક્ષની કેસની હકીકત જોતા ફલિત થાય છે કે આરોપીઓએ તેઓના વર્તનથી નથી પરતુ શબ્દોથી ફરીયાદીનુ અપમાન કરેલ છે. હવે ઉપરોકત ચુકાદા પરથી ફલિત થાય છે કે જયારે શબ્દો પરથી અપમાન થતુ હોય ત્યારે શબ્દો અસભ્ય ગાલી પ્રદાનથી કંઈક વધુ એવા પ્રકારના હોવા જોઈએ પરતુ આ કામે ભોગ બનનાર ફરીયાદી કે સાહેદોને પોતાની

જુબાનીમાં સ્પષ્ટપણે શબ્દ સહીત જણાવેલ નથી કે આરોપીઓએ કઈ ખરાબ ગાળોનુ ઉચારણ કરેલ જેનાથી તેઓનુ અપમાન થયેલુ અને તેઓનામાં ઉશ્કેરાટ પેદા થયેલી.

**અબ્રાહમ એ.આઈ.આર. ૧૯૬૦ કેરાલા ૨૩૬ ના ચુકાદામા કેરાલા હાઈ કોર્ટે** સ્પષ્ટપણે જણાવેલ કે સારા વર્તાવનો ભંગથી આ કલમ હેઠળનો ગુનો બનતો નથી. તેમજ મહોમદ શબદઅલી વિરુધ્ધ થુલેશ્વર બોરાહ (૧૯૫૪) છ આસામા ૨૭૪ ના ચુકાદામા આસામ હાઈ કોર્ટે સ્પષ્ટપણે જણાવેલ કે જો અપમાન એવા પ્રકારનુ હોય કે તે ઉશ્કેરાટ તરફ દોરી જાય અને તેથી તેવી વ્યકિત જાહેર શાંતિનો ભંગ કરે એવુ કાર્ય કરવાને પ્રેરાઈ અથવા બીજો કોઈ ગુનો કરવાને પ્રેરાય તો તેથી આ કલમ હેઠળનો ગુનો બને છે. આ કામે ફરીયાદપક્ષની કેસની હકીકત જોતા ફલિત થાય છે કે આરોપીએ તેઓના વર્તનથી નથી પરતુ શબ્દોથી ફરીયાદી કે સાહેદોનુ અપમાન કરેલ છે. હવે ઉપરોકત ચુકાદા પરથી ફલિત થાય છે કે જયારે શબ્દો પરથી અપમાન થતુ હોય ત્યારે ભોગ બનનારે સ્પષ્ટપણે એમ જણાવુ પડે કે આરોપીઓએ કરેલ અપમાનના કારણે તેઓ ઉશ્કેરાટ તરફ દોરી ગયો અને જાહેર શાંતિનો ભંગ માટે તેઓ પ્રેરાયેલો.

**નોબલ મોહનદાસ વિ. સ્ટેટ ઓફ તમીલનાડુ ૧૯૮૯ ના ચુકાદામા તમીલનાડુ હાઈ કોર્ટે** સ્પષ્ટપણે જણાવેલ કે આવી ધમકી ખરી હોવી જોઈએ એટલે કે આરોપી જે કહે છે તે કરી બતાવવાની ઈચ્છાવાળો છે અને એ ધમકીનો ભોગ બનનાર વ્યકિતને ધમકીની અસર ખરેખર થવી જોઈએ. આ ચુકાદા મુજબ આરોપીએ આપેલ ધમકી તેઓ કરી બતાવે એવા ઈચ્છા પ્રકટ થઈ હોય તેવુ ફરીયાદ પક્ષે રેકર્ડ પર લાવવુ પડે અને માત્ર સામાન્ય વાર્તાલાપમાં કોઈ બીજાને જાનથી મારી નાખવાની ધમકી આપી દે તેનાથી આ કલમ હેઠળ ગુનો બનતો નથી.

*આ કામે ફરીયાદપક્ષનો એવો કેસ છે કે બનાવના દીવસ ેઆરોપીઓએ ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. હવે ફરીયાદ પક્ષે આરોપીઓને દોષી ઠરાવવુ હોય તો એમ પુરવાર કરવુ પડે કે, આરોપીઓએ ફરીયાદીને* ***કેવી ભુંડાબોલી ગાળો આપેલ કે જેમાંથી તેઓને અપમાન થયેલ*** *અને* **જાનથી મારી નાખવાની ધમકી આપેલ જેના કારણે તેઓ સતત ભયના ઓથાર હેઠળ પોતાનુ જીવન નિર્વાહ વ્યતિત કરેલ તે પણ પુરવાર કરવા પડે.**

ફરીયાદપક્ષના સાહેદોની સંપુર્ણ જુબાની જોયને એમ ફલિત થાય છે કે બનાવ બન્યા બાદ તેઓ આજદીન સુધી પોતાનો જીવન નિર્વાહ તેમજ ફરજ ભય મુકત રીતે કરે છે અને ફરજ નિભાવવા અર્થે સમાજમાં ભયમુકત રીતે વહન કરે છે અને જો આરોપીની ધમકીનો કોઈ તેઓમાં ભય હોત તો તે લોકોએ બીજી કોઈ ફરીયાદ કરેલ હોત. જેથી આ બધી વિસંગતાઓથી ઉત્પન્ન થતી શંકાનો લાભ આરોપીઓને આપવો વ્યાજબી અને ન્યાયોચીત જણાય આવે છે. જેથી આવા અપુર્ણ પુરાવાના કારણે અમે માની શકાય ફરીયાદપક્ષ આરોપીઓ સામે નિશાંકપણે શંકાથી પર આ મુદા પુરવાર કરવા નિષ્ફળ ગયેલ છે.

તેમજ ફરીયાદપક્ષે આંક–૧૮ થી બનાવવાળી જગ્યાના પંચ સાહેદોને સોગંદ પર તપાસેલ છે જેઓ બંને પોતાની ઉલટ તપાસમા સ્વીકાર કરે છે કે પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહી લીધેલી અને પંચનામામા શુ લખેલ તેની તેઓને ખબર નથી. જેથી આ પંચ સાહેદની જુબાનીથી આંક–૧૮ વાળુ ગુનાવાળી જગ્યા પણ શંકાસ્પદ બની જાય છે.

ફરીયાદપક્ષે આંક–૨૨ અને  આંક–૨૦ થી આરોપીઓની અટક પંચનામાના પં ચસાહેદો ને સોગંદ પર તપાસેલ છે જેઓ બંને પોતાની ઉલટ તપાસમા સ્વીકાર કરે છે કે પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહી લીધેલી અને પંચનામામા શુ લખેલ તેની

તેઓને ખબર નથી. જેથી આ પંચસાહેદની જુબાનીથી આંક–૨૧ વાળુ આરોપીઓનુ અટક પંચનામુ પણ શંકાસ્પદ બની જાય છે.

**૧૧)** વધુમાં આ કામે આરોપીઓ સામે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું તહોમત મુકવામાં આવેલ છે.

''કલમ–૩૭, ૩૯ અથવા ૪૦ મુજબના નિયમોની કે હુકમના ભંગ માટે આ કલમ શિક્ષા ઠરાવે છે, હથિયાર ભેગા કરવા, બુમો પાડવી પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો, પુજા વ.ધાર્મિક ઉત્સવો સમયે વ્યવસ્થાના નિયમોનો ભંગ કરવો એ શિક્ષાપાત્ર છે જે કલમ ૩૭ મુજબના આદેશોનો ભંગ કરવો તેથી પોલીસ અધિકારનો ગુનો બને છે.''

આ કામે ફરીયાદપક્ષે જે જાહેરનામા હેઠળ આરોપીઓએ ગુનો કરેલ હોવાનુ આક્ષેપ કરેલ તે જાહેરનામાની આ કામે આંક–૩૧ થી રજુ છે. વધુમાં ફરીયાદપક્ષ એમ પણ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે કે, બનાવ સમયે આરોપીઓના હાથમાં પ્રતિબંધિત હથિયાર હતુ કે કેમ? વધુમાં ભોગ બનનાર તેમજ નજરે જોનાર સાહેદ એમ જણાવે છે કે આરોપીઓએ સાહેદોને કોઈ હથિયાર વડે કોઈ ઈજા કરેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓએ ઈજા કરેલ હોય તે જ રેકર્ડ પર લાવતા ન હોય તો હાથમાં કયુ હથિયાર હતુ તે વિશે ચર્ચા કરવી જરૂરી જણાય આવતી નથી તેમજ તેઓ કયુ હથિયાર હતુ તે પણ રેકર્ડ પર લાવેલ નથી. જેથી આ કામે આરોપી પર જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના તથ્યો લાગુ પડતા નથી અને આરોપીઓ પર હાલના કામે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો આક્ષેપ પુરવાર થતો નથી.

**૧૨)** વધુમાં આ કામમાં ફરીયાદપક્ષ દવારા આ કામના કોઈપણ આરોપીઓ સામેનો

ઈ.પી.કો કલમ–૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો મુળભુત ગુનો કર્યાની હકીકત જ નિ:શંકપણે પુરવાર કરાયેલ નથી. જેથી કયાં આરોપીઓએ કઈ રીતે એબેટમેન્ટ કર્યુ છે તેવુ રેકર્ડ ઉપરથી ફલિત થતુ નથી. જેથી ઉપરોકત સંજોગો માં ફરીયાદપક્ષ આરોપીઓ સામે મુળભુત ગુનો જ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય તો ઈ.પી.કો. કલમ–૧૧૪ નુ એબેટમેન્ટ અંગેની કોઈ ચર્ચા કરવી જરૂરી જણાય આવતુ નથી.

**૧૩)** ફરીયાદપક્ષની જવાબદારી છે કે, તેમણે આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલા આક્ષેપો સ્પષ્ટ રીતે અને આ અદાલત તેના ઉપર વિશ્વાસ કરી શકે તે રીતે પુરવાર કરવા જોઈએ, પણ આ કામે ફરીયાદપક્ષ તેમ કરવામાં સફળ રહેલ હોવાનું માની શકાય તેમ નથી. આમ સમગ્ર પુરાવો જોતા તે ખામીયુકત, તૃટી ચુકત અને શંકા પ્રેરે તેવો છે જેથી આ અદાલત આવા પુરાવા ઉપર વિશ્વાસ કરી શકે તેમ નથી અને આવા સં જોગોમાં લાભ હંમેશા આરોપીપક્ષે જાય છે.

**૧૪)** આમ, ફરીયાદપક્ષ આરોપીઓ સામે અગત્યાના આક્ષેપોની મુળભુત હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલા નથી તે સંજોગોમાં માત્ર દસ્તાવેજ પુરાવો ઘ્યાને લઈ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ ઉપરોકત તમામ સંજોગો ઘ્યાને લેતા અને કરવામાં આવેલ સમગ્ર ચર્ચાનુંસાર ફરીયાદપક્ષ આરોપીઓ વિરુઘ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરી શકેલા ન હોવાના કારણે મુદ્દા નંબર : (૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર : (૨) અન્વયે છેવટનો હુકમ નીચેની વિગતે કરવો યથાયોગ્ય, વ્યાજબી અને ન્યાયોચીત જણાતું હોવાના કારણે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**-: હુકમ :-**

(૧) આરોપી નં.(૧) **હર્ષદભાઈ હીરાભાઈ સાકળીયા, ઉ.વ.૩૯, (૨) વિનોદભાઈ કાળુભાઈ સાકળીયા, ઉ.વ.૩૨, (૩) પ્રવિણભાઈ કાળુભાઈ સાકળીયા, ઉ.વ.૩૪,** તમામ રહે.ખોખરનેશ, તા.રાણપુર, જી.બોટાદનાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ-૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યા બાદ મુદામાલ હથિયારનો ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ રૂ.૫૦૦૦/- ના સ્થાનિક તેમજ સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ) મુજબ અત્રેની કોર્ટમાં રજુ કરવા.

આ હુકમ આજ રોજ તા.૩૦ મી, માહે-માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : રાણપુર

[ એચ. એચ. પટેલ]
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ
રાણપુર
Code-GJ01722